RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 56, Dt.16-05-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આનંદો...દેશમાં મેઘરાજાની વહેલી એન્ટ્રી



## હવામાન વિભાગનો નિર્દેશઃ ગત વર્ષે એક સપ્તાહ ચોમાસુ મોડુ પ્રવેશ્યું હતું પરંતુ આ વખતે સમયસર કે એક દિવસ વહેલુ જ આવી જવાની શકયતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાત સહિત દેશના અનેક ભાગો ભીષણ ગરમી-તાપમાનનો સામનો કરી રહ્યા છે ત્યારે હવામાન વિભાગે ભારતમાં ચોમાસાની એન્ટ્રી એકાદ દિવસ વ્હેલી થવાની આગાહી કરી છે. સામાન્ય રીતે ૧લી જુને કેરળમાં પ્રવેશતુ ચોમાસુ ૩૧મી મે એ જ ટકોરા મારી દે તેવી શકયતા છે.

ભારતીય હવામાન વિભાગના વડા મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, ૩૧મી મે એ ચોમાસાનો પ્રવેશ વ્હેલો ન ગણાય છતાં નોર્મલ તારીખ આસપાસ જ રહેશે. સામાન્ય રીતે કેરળમાં ચોમાસુ ૧લી જૂને પ્રવેશતુ હોય છે. આ વખતે ૩૧ મે આસપાસ કેરળમાં પ્રવેશવાનું અનુમાન છે.

હવામાન વિભાગના આંકડા પ્રમાણે કેરળમાં મોનસુનની એન્ટ્રીના સમયમાં વર્ષોવર્ષ ભિન્નતા જોવા મળતી હોય છે. છેલ્લા ૧૫૦ વર્ષોના આંકડા ચકાસવામાં આવે તો સૌથી વધુ એન્ટ્રી ૧૯૧૮માં ૧૧ મે ના રોજ થઈ હતી જયારે સૌથી મોટો પ્રવેશ ૧૯૭૨માં ૧૮ જૂને થયો હતો.

ગત વર્ષે ચોમાસુ એક સપ્તાહ મોડુ થયુ હતું. ૮મી જૂને કેરળમાં પ્રવેશ્યુ હતું. ૨૦૨૨માં ૨૯ મે ના રોજ આવી ગયુ હતું. ૨૦૨૧માં ૩ જૂન તથા ૨૦૨૦માં ૧લી જૂને પ્રવેશ થયો હતો. આંદામાનમાં ચોમાસાનો પ્રવેશ આગામી ૧૯મી મે આસપાસ- વ્હેલો થઈ જવાની આગાહી કરવામાં આવી જ છે.

ભારતમાં આગામી નૈઋત્ય ચોમાસુ નોર્મલથી પણ વધુ સારૂ રહેવાની આગાહી હવામાન વિભાગે અગાઉ જ કરી દીધી છે. આ વખતે ઉનાળો પણ ભીષણ રહ્યો છે તેમ ચોમાસુ પણ ઘણુ સારુ રહી શકે છે. આકરી ગરમીના વર્તમાન દોરમાં અનેક રાજયોમાં તાપમાન રેકોર્ડ તોડી રહ્યું છે. આજથી તાપમાનનો પારો વધુ ઉંચકાવવાની પણ ચેતવણી આપવામાં આવી છે. પાટનગર દિલ્હીમાં ૪૫ ડીગ્રીને પાર થવાની ચેતવણી આપવામાં આવી છે. ભીષણ ગરમીને કારણે લોકોના આરોગ્ય તથા આજીવિકા પ્રભાવિત થવાની સાથોસાથ જળાશયો સુકાઈ રહ્યા છે.

# બિહારના મોતીરાજપુર સ્થિત મદરેસામાં બોમ્બ બ્લાસ્ટ થતાં બે લોકો ગંભીર રીતે ઘવાયા

**મુખ્ય સમાચાર, પટના**

છપરાના ગડખા પોલીસ સ્ટેશન વિસ્તારના મોતીરાજપુર ગામમાં સ્થિત મદરેસામાં અચાનક બ્લાસ્ટ થયો હતો. જેમાં મદરેસાના મૌલાના અને તેનો વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થયા હતા. બ્લાસ્ટના પડઘાથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ બંનેને સદર હોસ્પિટલમાં દાખલ કરાવ્યા.

અહીંથી બંનેને સારી સારવાર માટે પટનાના પીએમસીએચમાં રિફર કરવામાં આવ્યા છે. બંને એક જ મદરેસામાં રહેતા હતા. તેમની ઓળખ મૌલાના ઈમામુદ્દીન અને ૧૫ વર્ષીય નૂર આલમ તરીકે થઈ છે, જેઓ મરહૌરા પોલીસ સ્ટેશન વિસ્તારના ઓલહાનપુર ગામના રહેવાસી છે. નૂર મુઝફ્ફરપુર જિલ્લાની રહેવાસી છે.



બોમ્બને બોલ સમજીને તેણે તેને પોતાના હાથમાં ઉપાડ્યો હતો : સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું હતું કે મદરેસામાં ભણતા નૂર આલમે મદરેસાની પાછળ બોલ જેવો દેખાતો બોમ્બ ઉપાડ્યો હતો અને અંદર આવ્યો હતો. તે પછી, તેના હાથમાં બોમ્બ જોતા, મૌલાના તેને તેના હાથમાં ફેંકવા જતો હતો ત્યારે તે નૂર આલમના પગ પર પડ્યો. આ ઘટનામાં નૂર આલમના પગ અને મૌલાનાના હાથ પર ગંભીર ઇજા પહોંચી હતી.

બુધવારે રાત્રે બનેલી ઘટના બાદ સારણ પોલીસે કેસની તપાસ શરૂ કરી હતી. સ્થાનિક પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. આ બોમ્બ વિસ્ફોટની પુષ્ટિ સારણના પોલીસ અધિક્ષક ડો. ગૌરવ મંગલાએ કરી છે.

# ભારત ચંદ્ર પર પહોંચી ગયું ત્યારે આપણાં બાળકો ગટરમાં પડી મરી રહ્યા છે

## પાકિસ્તાનના સાંસદે ભારતના વખાણ કરી પોતાના દેશની વાસ્તવિકતા વર્ણવી

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના અન્ય એક સાંસદે ભારતના ચંદ્રયાન મિશનનો ઉલ્લેખ કરીને પોતાના જ દેશને અરીસો બતાવ્યો છે. મુત્તાહિદા કૌમી મૂવમેન્ટ પાકિસ્તાન પાર્ટીના નેતા સૈયદ મુસ્તફા કમલે બુધવારે ભારત સાથે સરખામણી કરતા તેમના દેશમાં સુવિધાઓના અભાવનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે એક તરફ ભારત ચંદ્ર પર પહોંચી ગયું છે. સાથે જ અમારા બાળકો ગટરમાં પડીને મરી રહ્યા છે.



કમલે સંસદમાં પોતાના સંબોધનમાં કહ્યું, 'આજે જયારે દુનિયા ચંદ્ર પર જઈ રહી છે, ત્યારે અમારા બાળકો કરાચીમાં ગટરમાં પડીને મરી રહ્યા છે. અમે અમારા ટીવી સ્ક્રીનો પર સમાચાર જોઈએ છીએ કે ભારત ચંદ્ર પર પહોંચી ગયું છે અને માત્ર બે સેકન્ડ પછી સમાચાર આવે છે કે કરાચીમાં એક ખુલ્લી ગટરમાં એક બાળકનું મૃત્યુ થયું છે. એમક્યુએમ-પીના સભ્યએ તાજા પાણીની અછત વિશે પણ વાત કરી. શહેરો તેમણે કહ્યું કે કરાચી પાકિસ્તાનનું રેવન્યુ એન્જિન છે. પાકિસ્તાનના પ્રારંભથી દેશમાં જે બે બંદરો અસ્તિત્વમાં છે તે અહીં આવેલા છે.

# હવે ઓવરક્રાઉડીંગ વાહનોને સ્થળ પર જ દંડ ભરવો પડશેઃ કાર, બસ અને ટુ વ્હીલર્સમાં વધારાના પેસેન્જરો બેસાડનારા સાવધાન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

જો તમે તમારા વાહનમાં અધિકૃત ક્ષમતા કરતા વધારે પેસેન્જરો બેસાડતા હો તો દંડ ચૂકવવા તૈયાર થઇ જાઓ કેમ કે ગુજરાત સરકાર ટુંક સમયમાં જ કાર, બસ, ટુ વ્હીલર્સ સહિતના વાહનોમાં વધારાના પેસેન્જરો બેસાડવા પર ઓન ધ સ્પોટ દંડનું નોટીફીકેશન બહાર પાડી શકે છે.

રાજ્ય પરિવહન વિભાગ દ્વારા આરટીઓને આવા ગુનામાં ફાઇન અંગેનું કોઇ નોટીફીકેશન નહી હોવાના કારણે ઘણા વાહનો વધારાના પેસેન્જરો સાથે ખુલ્લેઆમ ફરી રહ્યા છે.મોટર વ્હીકલ એકટ જણાવે છે કે કોઇ પણ વાહન પછી તે પેસેન્જર વાહન હોય કે ટ્રાન્સપોર્ટ વાહન, વાહનની આરસી બુકમાં લખેલ પેસેન્જરની સંખ્યા કરતા વધારાનો એક પણ પેસેન્જર ના બેસાડી શકે. દાખલા તરીકે એક ફાઇવ સીટર કારનો માલિક જો વધારાનો પેસેન્જર બેસાડે તો તેના પર ઓવરક્રાઉડીંગનો દંડ થઇ શકે. દંડની રકમ અંગે કહેવાયું છે કે કાર અને અન્ય વાહનો માટે પ્રતિ પેસેન્જર વધુમાં વધુ ૨૦૦ રૂપિયા અને ટુ-થ્રી વ્હીલર્સ માટે પ્રતિ પેસેન્જર મહત્તમ ૫૦ રૂપિયા દંડની જોગવાઇ છે. તેમ ટાઇમ્સનો અહેવાલ જણાવે છે.



એક અધિકારીએ કહ્યું કે, ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટના ઓર્ડર છતાં, દંડની રકમ અંગે ગુજરાતમાં કોઇ નોટીફીકેશન જ નથી. હવે ચૂંટણી પત્યા પછી તે આવી શકે છે. અન્ય એક આરટીઓ અધિકારીએ ધ્યાન દોર્યું કે રાજકીય ઇચ્છા શકિતનો અભાવ અને લાગુ કરવાથી વિરોધ થશે એવી સામાન્ય માન્યતાના કારણે નોટીફીકેશન નહીં હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી કે પેસેન્જર વાહનો મોટા ભાગે ઓવર ક્રાઉડેડ જ હોય છે.

# વન વિભાગના કર્મચારીઓને ચૂંટણી ડ્યૂટી નહીં સોંપો, ઉત્તરાખંડના જંગલોની આગ મુદ્દે સુપ્રીમ કોર્ટનો નિર્દેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તરાખંડના જંગલોમાં લાગેલી આગના કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને ફટકાર લગાવી હતી. કોર્ટે ઉત્તરાખંડ સરકારની રાજ્ય સરકારને અપૂરતા ફંડ અને લોકસભા ચૂંટણી ૨૦૨૪ની ફરજ માટે વન વિભાગના અધિકારીઓની નિયુક્તિ માટે ટીકા કરી હતી.

આ કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઉત્તરાખંડ સરકારે જંગલમાં લાગેલી આગને કાબુમાં લેવા ગંભીરતા અને તત્પરતા દાખવવી જોઈએ. આ બાબતે રાજ્ય સરકારનું વલણ ત્વરિત કાર્યવાહી દર્શાવતું નથી. વન વિભાગના કર્મચારીઓને ચૂંટણી



અને ચારધામ યાત્રાથી અલગ રાખવા જોઈએ. અમે ચૂંટણી પંચને પણ નિર્દેશ આપીએ છીએ કે રાજ્યોમાં વન વિભાગના કર્મચારીઓ અને વાહનોને ચૂંટણી ફરજ માટે તૈનાત કરવામાં આવશે નહીં. આ ઉપરાંત વન વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ પર ટૂંક સમયમાં ભરતી થવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડના મુખ્ય સચિવને આગામી સુનાવણી પર કોર્ટમાં હાજર રહેવા કહ્યું છે. ૧૭મી મેના રોજ યોજાનારી આગામી સુનાવણીમાં મુખ્ય સચિવે કોર્ટમાં હાજર રહીને ઉત્તરાખંડમાં ફાયર વિભાગમાં ખાલી જગ્યા ન ભરવાના કારણો અને ત્યાં આગ ઓલવવાના પ્રયાસો વિશે માહિતી આપવી પડશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ભારત સરકારે રૂ. ૯.૨૩ કરોડ મંજૂર કર્યા હતા, જેનો ઉપયોગ જંગલ સિવાયની પ્રવૃત્તિઓમાં કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે લગભગ રૂ. ૬ કરોડની બાકીની રકમ રાજ્ય સરકારને આપવી જોઈએ. તેમજ કોર્ટે કહ્યું હતું કે, ''રાજ્ય સરકાર જણાવે કે વન વિભાગમાં કેટલી જગ્યાઓ ખાલી છે?


# અમદાવાદ ઈન્દોર હાઈ-વે લોહીયાળ બન્યોઃ ડમ્પર પાછળ કાર ઘુસી જતાં ૮ના મોત

## અકસ્માત બાદ ડમ્પર ચાલક નાસી છૂટયોઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, ઈન્દોર**

ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર બુધવારની રાત્રે લગભગ સાડા દસ વાગ્યે રસ્તાના કિનારે રેતી ભરીને ઉભેલા એક ડમ્પર સાથે પુરઝડપે આવેલી કાર ઘુસી જતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ ભીષણ દુર્ઘટનામાં આઠ લોકોના અરેરાટીભર્યા મોત નિપજયા હતા. જેના વાહન સાથે કાર ટકરાઈ હતી તેનાં ચાલક ફરાર થઈ ગયો છે. આ અકસ્માતમાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો.

ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે જીપ કારમાં ૯ લોકો સવાર હતા જે પુરઝડપે જઈ રહી હતી. રસ્તાની બાજુમાં રેતી ભરેલું ડમ્પર ઉભુ હતું.





જેની પાછળ જીપ કાર જોરદાર ટકરાઈ અકસ્માત એટલો ખતરનાક હતો કે કાર ડમ્પરમાં ઘુસી ગઈ. તેમાં બેઠેલા લોકો તેમાં જ ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં પોલીસને ખૂબ જ જહેમત કરવી પડી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, આશંકા છે કે ડમ્પર રેતીથી ભરેલુ હતુ અને ઘટનાસ્થળે રેતી વિખેરાઈ હતી. જેના કારણે આ અકસ્માત થવાની આશંકા છે. કારમાં સવાર લોકો બાગટાંડાથી ગુના થઈ રહ્યા હતા ત્યારે આ કરુણાંતિકા સર્જાઈ હતી.'' અકસ્માત બાદ ડમ્પર ચાલક નાશી છુટયો હતો. મૃતકમાં સામેલ એક શખ્સ પાસેથી પોલીસ કાર્ડ પણ મળ્યું છે. હાલ પોલીસે આ મામલામાં વિશેષ તપાસ હાથ ધરી વાહનચાલકની તલાશમાં લાગી છે. આ અકસ્માતમાં મૃતકોમાં એક પોલીસનો સમાવેશ થાય છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આકરા તાપ બાદ અનેક સ્થળોએ ગાજવીજ સાથે કમોસમી વરસાદ



(તસ્વીરઃ આનંદ જાવિયા)





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગઈકાલે પણ બપોર સુધી કાળઝાળ તાપ બાદ સાંજે હવામાન પલ્ટા સાથે અનેક સ્થળે ગાજવિજ અને, તેજ પવન વચ્ચે કમોસમી વરસાદ વરસ્યો હતો. તેમજ પોરબંદરનાં શીશલી અને સોઢાણતા તથા સુરેન્દ્રનગરનાં મૂળી અને ચોટીલા તથા મોરબીનાં રંગપુરમાં વિજળી, ખાબકતા કુલ પાંચ વ્યકિતઓનાં મોત નિપજયા હતાં. ઉલ્લેખનીય છે કે ગઈકાલે સાંજે ઝાલાવાડનાં મુળી પંથકમાં બે ઈંચ તથા વઢવાણ-થાન પંથકમાં અર્ધો થી પોણો ઈંચ વરસાદ ગાજવિજ સાથે ખાબકયો હતો.

જયારે રાજકોટ, પોરબંદર, અને મોરબી પંથકમાં પણ ગાજવિજ સાથે ઝાપટા વરસ્યા હતાં. તો, અમરેલીનાં કુંકાવાવ, વડિયા પંથકમાં દોઢ-દોઢ ઈંચ વરસાદ પડયો હતો. તેમજ બાબરા અને સાવરકુંડલા પંથકમાં મિની વાવાઝોડાએ ભારે નુકશાન કર્યુ હતું. અનેક સ્થળે વૃક્ષ-વિજપોલ-દિવાલો જમીન દોસ્ત, થઈ ગયા હતાં. તથા સોરઠ પંથકમાં પણ આજે સવારે હળવા ઝાપટા વરસ્યા હતા. આથી કેરી સહિતનાં બાગાયતી પાકોને ભારે નુકશાન થયું હતું. ઉલ્લેખનિય છે કે ગઈકાલે રાજકોટમાં ચાલુ સિઝનનું સૌથી વધુ ૪૩.૨ ડિગ્રી તાપમાન બાદ સાંજે ગાજવિજ સાથે ઝાપટા વરસતા ઠંડક પ્રસરી હતી. ગઈકાલે સુરેન્દ્રનગર જિલ્લામાં માવઠાના વરસાદે તારાજી સરજી હોય તેવું લાગી રહ્યું છે કારણ કે સુરેન્દ્રનગર જિલ્લામાં સતત બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે અવકાશી ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે ભારે પવન ફૂંકાઈ રહ્યો છે જેને લઇને સુરેન્દ્રનગર જિલ્લામાં વ્યાપક નુકસાન થયું છે ત્યારે ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં અવકાશી વીજળી પડવાના કારણે આ માવઠાના બે દિવસ માં ત્રણ લોકોના મોત નિપજ્યા છે અને અંદાજિત ૧૫થી વધુ પશુઓના પણ મોત નીપજવા પામ્યા છે.

# જામનગરમાં યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પીપરટોડા ગામમાં રહેતા અને દરજી કામ કરતા એક યુવાને પોતાના મકાનની લોનના ટેન્શનમાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઇ પોતાની જીવાદોરી ટૂંકાવી છે.આ બનાવની વિગત એવી છે કે, લાલપુર તાલુકાના પીપરટોડા ગામના વતની અને હાલ જામનગર રાજકોટ રોડ પર શિવધારા સોસાયટીમાં રહેતા અને દરજી કામ કરતા બીપીનભાઈ રામજીભાઈ વસોયા નામના ૪૧ વર્ષના પટેલ યુવાને પીપરટોડા ગામમાં આવેલી પોતાની વાડીમાં દોરડું બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ હસમુખભાઈ રામજીભાઈ વસોયાએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસે ઘટના સ્થળે દોડી જઇ મૃતદેહનો કબજો સંભાળ્યો હતો અને પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક બીપીનભાઈને ખેતીવાડી હતી, પરંતુ તેઓ દરજી કામ કરતા હતા, અને હાલ ધંધામાં મંદી હતી. દરમિયાન તેણે મકાનની લોન લીધી હતી, જે લોનના ટેન્શનમાં આત્મહત્યાનું પગલું ભરી લીધાનું જણાવાયું હતું, જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# જામનગરમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમતા શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના ગોકુલનગર રડાર રોડ પર સાયોના શેરી પાસે આઇપીએલની મેચ પર એક શખસ સટ્ટો રમતો હોવાની સીટી સી પોલીસને બાતમી મળી હતી જેના આધારે પોલીસ ટીમ ત્વરીત ધસી ગઇ હતી.જે વેળાએ ઉકત સ્થળ મોબાઇલમાં મેચનો સ્કોર નિહાળી એક શખસ સટ્ટો રમતો હોવાનુ માલુમ પડયુ હતુ.આથી પોલીસે લાખાભાઈ નથુભાઈ ગોરીયા નામના શખ્સને પકડી પાડી તેના કબજામાંથી મોબાઇલ ફોન કબજે કર્યો હતો.પોલીસ પુછપરછમાં આ પકડાયેલા શખસે રવિ કનારા (રે. માધવ બાગ), ભીમા કરમુર (રે. મથુરાનગર) અને એક મોબાઇલ નંબરના નામ આપ્યા હતા.આથી પોલીસે ચારેય સામે ગુનો નોંધ્યો છે.

# મોરબીના રંગપર ગામે આવેલ વાડીમાં વીજળી પડતા ખેત શ્રમિક યુવકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી જીલ્લામાં ગઈકાલે અચાનક હવામાનમાં બદલાવ આવ્યા બાદ સાંજના ભાગે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદી માહોલ સર્જાયો હતો જેમાં મોરબીના રંગપર ગામની કરાર નામ તરીકે ઓળખાતી સીમમાં હરજીવનભાઈ પટેલની વાડીએ કામ કરતા મૂળ મધ્યપ્રદેશના વતની ઈશ્વરભાઈ કનુભાઈ ખરાડીયા ઉ.૧૯ નામના યુવાન ઉપર વીજળી પડતા મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મૃત્યુ અંગે નોંધ કરી તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં સ્માર્ટ મીટર લગાડવા મુદ્દે મુખ્ય વીજ કચેરી ખાતે ઉગ્ર વિરોધ

## ગ્રાહકોની મંજુરી વગર સ્માર્ટ મીટર લગાડવામાં આવતા હોવાનાં આરોપ સાથે પુન સાદા મીટર લગાડી આપવા કોંગી કોર્પોરેટર રચનાબેન નંદાણીયાની આગેવાનીમાં રજૂઆત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પણ આ વીજમીટરનો વિરોધ થઈ રહ્યો છે.આજે જામનગરમાં વોર્ડ નંબર ચારમાં આ સ્માર્ટ વીજમીટરનો વિરોધ નોંધાવવામાં આવ્યો છે.જો કે વીજતંત્ર દ્વારા આ વિરોધને નકારી કાઢવામાં આવ્યો છે.જામનગરના વોર્ડ નંબર ૪ ના ઈન્દીરા સોસાયટી અને મધુરમ સહિતના વિસ્તારોમાં આજે વીજગ્રાહકોએ વિરોધ કર્યો છે. લોકો કહે જે અગાઉ જે વીજમીટર હતાં તેમાં ૬૦ દિવસે રૂ.૨૦૦૦નું વીજબિલ આવતું હતું. અને આ સ્માર્ટ વીજમીટરમાં અમારે ૭-૮ હદિવસમાં રૂ.૧૧૦૦ની બેલેન્સ ભરાવવી પડી છે. અમને આ વીજમીટર પોસાતું નથી. આ જ વોર્ડના અન્ય એક વીજગ્રાહક કહે છે. અમારે આ સ્માર્ટ વીજમીટર જોઈતું જનથી, આ વીજમીટર તંત્ર પરત લઇ લ્યે. આ સ્માર્ટ વીજમીટર તો અમારે જોઈતું જ નથી. આ વીજમીટરમાં અમારે વારે ઘડીએ રૂ.૫૦૦નું રિચાર્જ કરાવવું પડે છે. આજે વોર્ડ નંબર ચારના નગરસેવિકા રચનાબેન નંદાણિયાની આગેવાનીમાં આનંદ ગોહિલ તેમજ આ વિસ્તારના મહિલાઓ સહિતના રહેવાસીઓએ વીજતંત્ર સમક્ષ તથા મીડિયાકર્મીઓ સમક્ષ આ બધી રજૂઆત કરી હતી અને સ્માર્ટ વીજમીટરનો વિરોધ વ્યક્ત કર્યો હતો.આ સ્માર્ટ વીજમીટરમાં કોઈ જ તકલીફ નથી. કોઈ જ ફરિયાદ નથી. સંપૂર્ણ વિશ્વસનીય છે અને ભારત સરકારની યોજના અંતર્ગત ખેતીવાડી વીજજોડાણ સિવાયના તમામ જોડાણ માટે આ સ્માર્ટ વીજમીટર ફરજિયાત છે.અગાઉના સાદાં એટલે કે સ્ટેટીક મીટર અને સ્માર્ટ વીજમીટરની યુનિટ રીડીંગ સિસ્ટમ પણ સરખી છે વધુ રકમ ચૂકવવાની થતી નથી. નાની રકમનું રિચાર્જ પણ કરાવી શકાય છે. બેલેન્સ ખતમ થાય એ પહેલાં અને પછી પણ પાંચ છ વખત જુદાં જુદાં સમયે ગ્રાહકને મેસેજ મોકલવામાં આવે છે. રિચાર્જ માટે પૂરતો સમય આપવામાં આવે છે. બેલેન્સ ખતમ થઈ ગયા બાદ રૂ.૩૦૦સુધીની માઈનસ બેલેન્સ થાય ત્યાં સુધી વિજજોડાણ બંધ કરવામાં આવતું નથી.અને, આખરે જ્યારે વીજજોડાણ બંધ કરવામાં આવશે ત્યારે પણ સવારે ૯થી સાંજના ૫ સુધીમાં બંધ કરવામાં આવશે. રજાના દિવસોમાં પણ વીજજોડાણ બંધ કરવામાં નહીં આવે, ગ્રાહકને રિચાર્જ માટે પૂરતો સમય આપવામાં આવે છે. કોઈ પણ તકલીફ હોય તો ફોન નંબર પણ આપવામાં આવ્યા છે જામનગરમાં સેન્ટ્રલ ઝોનથી વીજમીટર લગાડવાનું શરૂ કરવામાં આવ્યું છે. સમગ્ર શહેર જિલ્લામાં તથા દ્વારકા જિલ્લામાં પણ બધાં જવીજજોડાણોમાં સ્માર્ટ વીજમીટર ફરજિયાત લગાડવામાં આવશે.

# હળવદમાં મોરબી ચોકડી પાસે રીક્ષામાં કતલખાને લઈ જવાતા સાત ઘેટાને બચાવી લેવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હળવદમાં આવેલ મોરબી ચોકડી પાસે કતલખાને લઈ જવાતા સાત ઘેટાને જીવદયા પ્રેમી એવા સામાજીક કાર્યકર્તા દ્વારા બચાવી લેવાયા છે. આ સાથે બનાવમાં રીક્ષામાં ખીચોખીચ ભરીને લઇ જતા રીક્ષા ચાલક સહીત બે શખ્સો તથા ઘેટા વેચનાર તેમજ લેનાર મોરબીના ખાટકી શખ્સ સહિત કુલ ચાર સામે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર હળવદના સોનીવાડમાં રહેતા કિરણકુમાર રજનીકાંતભાઈ પંડ્યા ઉવ.૩૮ એ આરોપી જીતુભાઈ દેવાભાઈ સલાટ ઉવ.૩૯ તથા રાજુભાઈ દેવાભાઈ સલાટ ઉવ.૪૧ બંને હાલ રહે.નવા જાંબુડીયા મુળરહે. વાંકાનેર ગાયત્રી મંદિર પાસે તેમજ આરોપી છેલાભાઈ ભરવાડ રહે.કોપરણી તા.ધ્રાંગધ્રા જી.સુ.નગર તથા આરોપી ઈસ્માઈલભાઈ મુસાભાઈ ખાટકી રહે.મોરબી સામે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે હળવદ હાઇવે પર આવેલ મોરબી ચોકડી પાસે સીએનજી રીક્ષા જીજે-૩૬-યુ-૭૩૩૦માં ગેરકાયદેસર રીતે એકદમ નિર્દયતાથી ખીચોખીચ ઘેટાં ભરી પસાર થતા ફરિયાદી કિરણકુમાર પંડ્યા દ્વારા અટકાવી પૂછપરછ કરાતા આ ઘેટા કતલખાને લઇ જવાતા હોવાનું સામે આવ્યું હતું. જેથી તુરંત રીક્ષાને હળવદ પોલીસ મથકે લઈ આવ્યા હતા. જ્યાં પોલીસ દ્વારા રીક્ષા ચાલક આરોપી જીતુભાઇ સલાટ તથા તેની સાથેનો રાજુભાઈ સલાટની સઘન પૂછપરછ કરતા આ ઘેટા સુરેન્દ્રનગર જીલ્લાના કોપેણી ગામેથી આરોપી છેલાભાઈ ભરવાડ પાસેથી લઇ આવ્યા હોવાનું અને મોરબીમાં રહેતા આરોપી ઇસ્માઇલભાઇ ખાટકી પાસે લઇ જવામાં આવતા હોવાની કબૂલાત આપી હતી. ત્યારે હાલ પોલીસે ઘેટા વેચનાર છેલાભાઈ ભરવાડ તેમજ સીએનજી રીક્ષામાં ઘેટાં ભરી કતલખાને પહોંચાડવાની વ્યવસ્થા કરનાર આરોપી જીતુભાઈ સલાટ અને રાજુભાઈ સલાટ તથા જે જગ્યાએ ઘેટા પહોંચાડવાના હતા તે ઈસ્માઈલભાઈ મુસાભાઇ ખાટકી રહે મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધી સીએનજી રીક્ષા તેમજ સાત ઘેટા કિંમત રૂપિયા ૧૪,૦૦૦/-નો મુદામાલ કબ્જે લઇ. ચારેય આરોપીઓ પૈકી બે આરોપીને અટક કરી અન્ય ઘેટાં વેચનાર તથા મોરબીના ખાટકી શખ્સને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે . આ સાથે તમામ આરોપીઓ સામે પશુ પ્રત્યે ઘાતકી પણુ અટકાવવાનો અધિનીયમ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મચ્છુ-૩ ડેમ નજીક નદીમાં ડૂબેલા ત્રણ પૈકી એકનો મૃતદેહ મળ્યો

## જુના સાદુળકા ગામે મચ્છુ નદીમાં સાત યુવકો ન્હાવા ગયા હતા ત્યારે ઘટના બની

**મુખ્ય સમાચાર, મોરબી**

ગઈકાલે ઘરેથી સ્વિમિંગ પુલમાં ન્હાવા જવાનું કહી નીકળેલા છ સગીર તથા એક યુવાન સહીત સાત શખ્સો મોરબી તાલુકાના સાદુળકા ગામ પાસે માચ્ચુ નદીમાં ન્હાવા પડ્યા હતા જે પૈકી એક સગીરનો પગ લપસતા તેને બચાવવા બીજા એક યુવાન સહીત ત્રણ શખ્સો નદીના પાણીમાં ગરકાવ થઇ ગયા હતા જે બનાવમાં મચ્છુ નદીમાં ડૂબેલા ત્રણ વ્યક્તિની રાતભર શોધખોળ ચાલુ રાખવામાં આવતા સર્ચ ઓપરેશન દરમિયાન ગુરુવારે વહેલી સવારે ૪ વાગ્યે એક સગીરનો મૃતદેહ મળી આવ્યો હતો.

મોરબી ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ હેડ દેવેન્દ્રસિંહ પાસેથી મળતી માહિતી અનુસાર મોરબીના મચ્છુ ૨ ડેમમાંથી પાણી છોડાતા મોરબી તાલુકાના સાદુળકા પાસેનો મચ્છુ ૩ ડેમ પણ છલકાતા તેના દરવાજા ખોલાયા હતા. જેમાં બુધવારે બપોરે બારેક વાગ્યા આસપાસ સાદુળકા પાસેના ડેમના નીચાણવાળા વિસ્તારમાં નદીમાં નાહવા ગયેલા પરમાર ચિરાગ તેજાભાઇ (૨૦વર્ષ), ભંખોડિયા ધર્મેશ ભુપેન્દ્રભાઈ (૧૬વર્ષ), ભંખોડિયા ગૌરવ કિશોરભાઈ (૧૭વર્ષ) આ ત્રણ મિત્રો ડૂબ્યા હતા. જયારે બચી ગયેલા તરુણોમાં ૧)ભાંખોડીયા આર્યન ભરતભાઈ (૧૬વર્ષ), ભાંખોડીયા જય ગૌતમભાઈ (૧૬વર્ષ),ભાંખોડીયા પ્રીતમ અસ્વીનભાઈ (૧૭વર્ષ), બાઈચીયા જૈમિન ખીમજીભાઈ (૧૬ વર્ષ) હતા.

બીજી તરફ મચ્છુ નદીમાં ડૂબેલા સગીર અને યુવાનને શોધવા માટે રાજકોટ મોરબી અને હળવદના ૪૬ જેટલા તરવૈયાઓ દ્વારા સર્ચ ઓપરેશન કરી રાત્રે ફ્લડ લાઈટ લગાવીને શોધખોળ ચાલુ રાખવામાં આવી હતી. મોરબી ફાયર વિભાગના ૧૨, રાજકોટ ફાયર વિભાગના ૬, મોરબીના સ્થાનિક સેવાભાવી ૧૨ તેમજ હળવદના ટીકર ગામના ૧૬ લોકો મળી કુલ ૪૬ તરવૈયાઓ કામે લાગ્યા હોય ત્યારે ગુરુવારે વહેલી સવારે ગૌરવ કિશોરભાઈ ભંખોડિયા ઉ.૧૭ નામના સગીરનો મૃતદેહ મળી આવ્યો હતો અને હજુ અન્ય બે વ્યક્તિઓને શોધવા કાર્યવાહી ચાલી રહી હોવાનું મોરબી ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસર દેવેન્દ્રસિંહે જાડેજાએ એક યાદીમાં જણાવ્યું હતું.

# રાજુલાના ચારોડીયા ગામના કાઠી ક્ષત્રિય સમાજના બે બાળકોએ કર્યા સાડા ત્રણ દિવસના નકોરડા અનુષ્ઠાન

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** સુરજદેવળ ધામ ખાતે કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા દર વર્ષે પંરપરા અને વિશ્વ કલ્યાણ હેતુ સાડા ત્રણ દિવસના ઉપવાસ પર્વ થાય છે ત્યારે ચારોડીયા ગામના અને રામ કિષ્ના સ્કૂલમા અભ્યાસ કરતા બન્ને ભાઈઓ



ધાખડા સુર્યરાજ અને ધાખડા બ્રીજરાજ દ્વારા સાડા ત્રણ દીવસના ઉપવાસ કરવામા આવ્યા હતા આ તકે લોક સાહિત્યકાર માયાભાઈ આહીર અને રાજભા ગઢવી દ્વારા નકોરડા અનુષ્ઠાન બદલ બન્ને બાળકોને અભિનંદન પાઠવ્યા હતા

# જૂનાગઢમાં જુગાર રમતા ત્રણ ઈસમોને પોલીસે ૨૨,૯૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**


જૂનાગઢ શહેરના ચિત્તાખાના ચોક વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા ત્રણ ઈસમોને એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે ૨૨,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાંજડીયાને એસપી હર્ષદ મહેતાએ જૂનાગઢમાં ચાલતા ગેરકાયદેસર દારૂ જુગારના ધંધાને ડામવા પોલીસને સૂચના



કરી હતી. જેને લઈ જુનાગઢ નાયબ ડીવાયએસપી હિતેશ ધાંધલીયા તમામ પોલીસ સ્ટેશનમાં પોલીસ પેટ્રોલિંગ વધારવા સૂચના કરતા એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ વી.જે સાવજે પોતાના સ્ટાફને સતર્ક રહેવા જણાવ્યું હતું. ત્યારે એ ડિવિજન પોલીસે ગેરકાયદેસર ચાલતા ધંધાવો અને આરોપીઓને પકડવા પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. જેમાં પીએસઆઈ ઓ.આઈ સિદી અને રામભાઈ રૂડાભાઈ અને સાજીદ ખાન યુસુફખાને બાતમીના આધારે ખત્રીના ડેલામાં જાહેરમાં જુગાર રમતા કે શેબાઝ ઉર્ફે શેખ, અફઝલ હુસેન પટેલ, અને શિરાજ સલીમભાઈ પરમાર નામના ત્રણ જુગારીઓને ૨૨,૯૦૦ મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. એ ડિવિજન પોલીસે ત્રણે જુગારીઓને પકડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામજોધપુરમાં મામલતદાર ટીમ દ્વારા કાર્યવાહીઃ ગેરકાયદે ખનિજ વહન કરતો ટ્રક ઝડપાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામજોધપુર પંથકમાં ગેરકાયદે ખનિજ વહન પર સ્થાનિક તંત્ર દ્વારા અવિરત ઘોંસ બોલાવવામાં આવી રહી છે.

સુમાહિતગાર સુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામજોધપુર તાલુકાના પરડવા ગામ પાસે મોડી રાત્રે મામલતદાર વાઘેલા અને ટીમ દ્વારા એક અનઅધિકૃત રીતે ખનિજ બેલાનુ વહન કરતા ટ્રકને પકડી લેવાયો હતો. સ્થાનિક તંત્ર દ્વારા ઉકત ટ્રકને પકડી પાડયા બાદ જરૂરી કાર્યવાહી હાથ ધરાઇ છે. અત્રે ઉલ્લેખનીય છેકે, મામલતદાર ટીમ દ્વારા અવાર નવાર ગેરકાયદે ખનન-વહન કરતા વાહનો પકડવામાં આવે છે ત્યારે ખાણ ખનિજ વિભાગને આવા અનઅધિકૃત વહન કે ખનન કેમ દેખાતા નથી? એવો સવાલ સ્થાનિકોમાં ચર્ચાના ચકડોળે ચડયો છે.

# જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વીજળીથી બચવા અંગે માર્ગદર્શિકા જાહેર કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર આગામી સમયમાં વર્ષાઋતુમાં સમગ્ર જામનગર જિલ્લામાં વીજળી પડવાને કારણે પશુ મૃત્યુના બનાવ બને કે અન્ય નુકસાન થાય તેવી શક્યતા રહેલી છે. તેથી આકાશી વીજળીથી સુરક્ષિત રહેવા માટે પગલાં લેવા જરૂરી જણાય છે. જામનગરની જાહેર જનતાને આકાશી વીજળીથી બચવા માટે અત્રે જણાવ્યા અનુસાર માર્ગદર્શિકાનું પાલન કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આકાશી વીજળી થતી હોય ત્યારે ઘરની અંદર હોવાના કિસ્સામાં શું કરવું જોઈએ ??.વીજળીથી ચાલતા ઉપકરણોથી દૂર રહેવું જોઈએ.બારી-બારણાં અને છતથી દૂર રહેવું જોઈએ.વીજળીના વાહક બને તેવી કોઈપણ ચીજવસ્તુથી દુર રહેવું જોઈએ.ધાતુથી બનેલા પાઈપ, ફુવારા વગેરેના સંપર્કથી દૂર રહેવું જોઈએ.

આકાશી વીજળી સમયે જો ઘરની બહાર હોય તો શું કરવું જોઈએ ??.ઉંચા વૃક્ષો વીજળીને આકર્ષિત કરે છે. તેથી આવા ઊંચા વૃક્ષોની નીચે આશરો લેવાનું ટાળવું જોઈએ. તેમજ પશુઓને ઊંચા વૃક્ષો નીચે બાંધવા ના જોઈએ.

આસપાસ ઊંચા માળખા ધરાવતા વિસ્તારોમાં આશરો લેવાનું ટાળવું જોઈએ.

ટોળામાં રહેવાના બદલે છુટાછવાયા રહેવું જોઈએ. મકાનો આશ્રય માટે ઉત્તમ



ગણાય છે. તેથી મજબૂત છતવાળા મકાનમાં આશ્રય મેળવવો જોઈએ.

મુસાફરી દરમિયાન જે-તે વાહનમાં જ રહેવું જોઈએ. મજબૂત છત ધરાવતા વાહનમાં આશ્રય મેળવવો જોઈએ.પાણી વીજળીને આકર્ષિત કરે છે. તેથી પુલ, તળાવ કે જળાશયોથી દૂર રહેવું જોઈએ. જો પાણીની અંદર હોય તો બહાર નીકળી જવું જોઈએ.

ધાતુની વસ્તુઓનો બહાર ઉપયોગ ના કરવો જોઈએ. ધાતુની વસ્તુઓ જેવી કે બાઈક, ઈલેક્ટ્રિક કે ટેલિફોનના થાંભલા, તારની વાડ, મશીનરી વગેરેથી દૂર રહેવું જોઈએ.

આકાશી વીજળી પડવાની શક્યતા.જો તમારા માથાના વાળ ઉભા થઈ જાય, ચામડીમાં ઝણઝણાટ થાય ત્યારે તાત્કાલિક નીચા નમી જઈને કાન ઢાંકી દેવા જોઈએ. કારણકે તમારી આસપાસ વીજળી ત્રાટકવા ઉપર છે તેમ સમજવું જોઈએ. આ સમય દરમિયાન જમીન પર સૂવું નહીં કે જમીન પર હાથ ટેકવવા જોઈએ નહીં.વીજળી કે ઈલેક્ટ્રિક શોક લાગ્યા પછી શું કરવું જોઈએ ??.લાકડા જેવી અવાહક વસ્તુ વડે શોક લાગનાર વ્યક્તિને વીજપ્રવાહથી દૂર ખસેડી દેવા જોઈએ.

મેઈન સ્વીચ બંધ કરીને વીજપ્રવાહ બંધ કરી દેવો જોઈએ.

કરંટ લાગનાર વ્યક્તિ દાઝી ગયેલી હોય તો તેના પર ઠંડુ પાણી રેડવું જોઈએ.કરંટ લાગનાર વ્યક્તિના શ્વાસોશ્વાસ તપાસીને તુરંત જ ડોક્ટરને જાણ કરવી જોઈએ.

દાઝેલા ભાગ પર ચોંટી ગયેલા કપડાને ઉખેડવા ના જોઈએ.

આકાશીય વીજળીનો ઝટકો લાગે ત્યારે વીજળીનો આંચકો લાગેલ વ્યક્તિને જરૂર જણાય તો તેમને સી.પી.આર. એટલે કે કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવો જોઈએ. ત્યારબાદ તેમને તુરંત જ પ્રાથમિક તબીબી સારવાર આપવી જોઈએ.

આકાશી વીજળી થતી હોય ત્યારે શું સાવચેતી રાખવી જોઈએ ??

વીજળીની સલામતી માર્ગદર્શિકા એ ૩૦-૩૦ નો નિયમ છે. વીજળી જોયા પછી ૩૦ ની ગણતરી શરુ કરવી. જો તમે ૩૦ પર પહોંચતા પહેલા ગાજવીજ સાંભળશો, તો ઘરની અંદર જવું. ગર્જનાના છેલ્લા પડઘા પછી ઓછામાં ઓછી ૩૦ મિનિટ સુધી પ્રવૃત્તિઓ સ્થગિત કરો.

ઈલેક્ટ્રિક વીજ ઉપકરણોને નુકસાન ના થાય તે માટે હંમેશા કાર્યરત સ્થિતિમાં અર્થિંગ ચાલુ રાખો.

વણઉપયોગમાં હોય તેવા પ્લગ પ્લાસ્ટિક કવરથી ઢાંકી દેવા જોઈએ.

ઈલેક્ટ્રીકના ઉપકરણો પાણીની લાઈન અને ભેજથી દૂર રાખવા જોઈએ.વીજળીના અવાહકો વડે ઘરને આકાશી વીજળીથી સુરક્ષિત બનાવવું.આકાશી વીજળી થાય ત્યારે જિલ્લા વહીવટી તંત્રની સૂચના અનુસાર સુરક્ષિત સ્થળ પર જતા રહેવું જોઈએ.શોટ સર્કીટથી સ્વીચ આપોઆપ બંધ થઈ જાય તેવી સ્વીચ વાપરવી જોઈએ.ઘરના દરેક વ્યક્તિ મેઈન સ્વીચ વિષે માહિતગાર હોવા જોઈએ.

ઈલેક્ટ્રિક કામના જાણકાર વ્યક્તિ પાસે જ ઇલેક્ટ્રિકનું કામકાજ કરાવવું જોઈએ.ઈલેક્ટ્રીક કામ કરતી વખતે વીજળીની અવાહક વસ્તુઓ પાસે જ ઉભા રહેવું જોઈએ.ભયાનક આકાશી વીજળી થતી હોય ત્યારે સુરક્ષિત મકાનમાં અંદર જતા રહેવું જોઈએ.ભયાનક આકાશી વીજળીના સંજોગોમાં ઝાડ નીચે ઉભા ના રહેવું જોઈએ.તમામ ઈલેક્ટ્રિક ઉપકરણોના પ્લગ કાઢી લેવા જોઈએ.ફિશિંગ રોડ કે છત્રી હાથમાં પકડી રાખવી નહીં.ઈલેક્ટ્રીક થાંભલા કે ટેલીફોનના થાંભલાને અડકવું જોઈએ નહીં.

હાલની ઋતુમાં તમામ નાગરિકો અત્રે જણાવ્યા અનુસાર આ જાગૃતિના પગલાં લે અને પોતાનું જીવન સુરક્ષિત બનાવે તેમ જિલ્લા વહીવટી તંત્ર તરફથી ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. આ અંગે વધુ માહિતી મેળવવા માટે ડીસ્ટ્રીકટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, જામનગરના ફોન નંબર ૦૨૮૮- ૨૫૫૩૪૦૪ કે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર- ૧૦૭૭ પર સંપર્ક સાધી શકાશે. તેમજ જિલ્લા કક્ષાએ જામનગર મહાનગરપાલિકાના કંટ્રોલરૂમના ફોન નંબર ૦૨૮૮-૨૭૭૦૫૧૫ પર સંપર્ક સાધી શકાશે.

તેમજ વિવિધ તાલુકા કક્ષાએ સંબંધિત મામલતદાર કચેરીના ફ્લડ કંટ્રોલરૂમ પર કાલાવડમાં ૦૨૮૯૪-૨૨૨૦૦૨, જામજોધપુરમાં ૦૨૮૯૮- ૨૨૧૧૩૬, જોડીયામાં ૦૨૮૯૩- ૨૨૨૦૨૧, ધ્રોલમાં ૦૨૮૯૭- ૨૨૨૦૦૧ અને લાલપુરમાં ૦૨૮૯૫- ૨૭૨૨૨૨ પર સંપર્ક સાધી શકાશે. તેમ નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢના બુટલેગર ધીરેન કારીયાએ ખોટા દસ્તાવેજ ઊભા કરી નકલી પાસપોર્ટ બનાવ્યો, પોલીસે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના બુટલેગર અને ભાજપ મહિલા કોર્પોરેટરના પતિ ધીરેન અમૃતલાલ કારીયા સામે ખોટા દસ્તાવેજ બનાવી છેતરપીંડી કર્યાનો એ ડિવિઝન પોલિસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગેરકાયદેસર દારૂના ધંધા સાથે સંકળાયા ધીરેન કારીયા વિરુદ્ધ રાજ્યના ઘણા પોલીસ સ્ટેશનમાં કેસો નોંધાયા છે. ત્યારે એ ડિવિઝન પોલીસે બૂટલેગર વિરુદ્ધ વધુ એક ગુનો નોંધ્યો છે.

બુટલેગર ધીરેન કારિયાએ જૂનાગઢના જતીન રમેશ સોની નામના



વ્યક્તિના ખોટા ડોકયુમેન્ટ બનાવી આ ડોક્યુમેન્ટનો સાચા તરીકે ઉપયોગ કરી મહારાષ્ટ્ર મુંબઈ ખાતેથી ભારતીય પાસપોર્ટ ડબલ્યુ ૭૦૧૧ ૭૫૪નો કોઈપણ રીતે કઢાવી લીધો હતો. આ ખોટા દસ્તાવેજના આધારે કઢાવેલો નકલી પાસપોર્ટનો સાચા તરીકે ઉપયોગ કરી વિશ્વાસઘાત છેતરપીંડી આચરી હતી.

જે મામલે એ ડિવિઝન પીઆઈ વી. જે સાવજ ને પીએસઆઇ ઓ.આઈ સિદ્દી દ્વારા ઊંડાણ પૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી. આખરે ખોટા દસ્તાવેજના આધારે બનાવેલ પાસપોર્ટ મામલે કલમ ૪૧૯, ૪૬૫, ૪૭૧, ૪૬૪ પાસપોર્ટ અધિનિયમ કલમ ૧૯૬૭ક ૧૨ (૧) (ખ) મુજબ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સાંઢિયો પુલ વાહન વ્યવહાર માટે બંધ કરાયા બાદ ફરી શરૂ કરાયો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

જામનગર રોડ પર આવેલ સાંઢિયો પુલ આજે સવારે આગોતરી નોટીસ આપ્યા વગર બંધ કરાયા બાદ ફરી વાહન વ્યવહાર માટે શરૂ કરી દેવાયો હતો. આજે સવારે બે-કલાક માટે બંધ ર્ક્યો હતો. પરંતુ આ પૂલ એકાયત બંધ કરાતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જેના પગલે ફરી શરૂ કરી દેવાયો હતો. પોલીસ તંત્રના જણાવ્યા પ્રમાણે આ પૂલની કામગીરી શરૂ થાય તે પુર્વે ફક્ત ડેમોસ્ટ્રેશન માટે જ કરાયો હતો. હવે આ માટે જાહેરનામુ પ્રસિધ્ધ થશે જેમાં ટ્રાફિક ડાયવર્ઝન અંગે માહિતી આપ્યા બાદ જ જાહેર જનતા માટે પૂલ બંધ કરાશે.

## ગોંડલના ગુંદાળા ગામના યુવાનનો એસિડ પી આપઘાત

### ગૃહ કલેશે પરિવારનો માળો વિખેર્યોઃ એકના એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના ગુંદાળા ગામે યુવાને ગૃહકલેશથી કંટાળી એસિડ પી આપઘાત કરી લીધો હતો. યુવકના આપઘાતથી માસુમ પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ તાલુકાના ગુંદાળા ગામે રહેતા પ્રકાશ જાદવભાઈ ડાભી નામનો ૩૪ વર્ષના યુવાને એસિડ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી આ ઘટના અંગે જાણ થતાં રાજકોટ માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખાડી ખસેડયો હતો. અને આ અંગે ગોંડલ પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક પ્રકાશભાઈ ડાભી ત્રણ ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતો. અને તેને સંતાનમાં એક પુત્ર છે પ્રકાશભાઈ ડાભીને પત્ની સુમિતાબેન સાથે નજીવા પ્રશ્ને ઝઘડો થયો હતો. જેથી પ્રકાશભાઈ ડાભીએ ગૃહકલેશથી કંટાળી એસિડ પી આત્મઘાતી પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## જંજવાડીયા પરિવાર દ્વારા શનિવારે શ્રી બહુચરાજી માતાજીના નવરંગા માંડવાનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચુવાંળીયા કોળી જંજાવાડીયા પરિવાર દ્વારા કુળદેવી બહુચરાજી માતાજીનો આગામી તા.૧૮ને શનિવારના કોઠારિયા રોડ, રામનગર-૨ બહુચરાજી ચોક રાજકોટ ખાતે માંડવો યોજાશે. આ નવરંગી માંડવો ૨૪ કલાક ચાલશે. આ શુભ પ્રસંગે આમંત્રિત લોકો માટે મહાપ્રસાદનું સાંજે આયોજન કરવામાં આવ્યું છે. તેમજ સંતો મહંતો અને ભુવાઓ તથા મહેમાનોના સામૈયા રાખેલ છે. આ માંડવામાં વિવિધ સમાજના પંચના ભુવાઓ પધારશે અને રાવળદેવ સંદિપભાઈ માતાજીના ગુણગાન ગાશે.

આ માતાજી માંડવાની એકત્રિત થયેલ ૫૦% રકમ સંત વેલનાથધામ કન્યા છાત્રાલયના નવનિર્માણમાં અર્પણ કરાશે. તેમજ અમુક ટકા રકમ શિક્ષણને ધર્મકાર્યમાં અપાશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

## પડધરીના મોટા રામપર ગામે યુવાન પર છરી પાઈપ વડે હુમલો

### રાજકોટના મિત્રને આપેલા ઉછીના નાણાંની યુવાને ઉઘરાણી કરતા મામલો બીચકયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરીના મોટા રામપર ગામે રહેતા યુવાને રાજકોટ રહેતા મિત્રને રૂ.૧૬૦૦૦ મિત્રતાના દાવે આપ્યા હતા. જે રૂપિયાની ફોન ઉપર ઉઘરાણી કરતા મિત્ર પોતાના સાગરીતો સાથે મોટા રામપર ગામે ધસી ગયો હતો. અને જ્યાં મિત્ર ઉપર હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ પડધરી તાલુકાના મોટા રામપર ગામે રહેતા જેન્તીભાઈ પરસોતમભાઈ ભોજાણી નામનો ૪૦ વર્ષનો યુવાન પોતાના ગામમાં હતો ત્યારે મધરાત્રે રાજકોટ રહેતા મિત્ર



નિશીત મહેતા સહિતના શખ્સોએ ઝઘડો કરી છરી અને પાઈપ વડે હુમલો કર્યો હતો હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા જેન્તીભાઈ ભોજાણીને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ ઘટના અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરતા પડધરી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.પ્રાથમિક પૂછપરછમાં જેન્તીભાઈ ભોજાણીએ મિત્રતાના દાવે નિશીત મહેતાને રૂ.૧૬,૦૦૦ એટીએમમાંથી ઉપાડીને આપ્યા હતા. જે રૂપિયાની ફોન ઉપર ઉઘરાણી કરતા નિશીત મહેતા પોતાના સાગરીતો સાથે મોટા રામપર ગામે ધસી ગયો હતો અને મિત્ર જયંતિ ભોજાણી ઉપર હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## વિવાદીત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ચાલતા ભ્રષ્ટાચાર મુદ્દે કામદાર યુનિયનએ આવેદનપત્ર આપ્યું

### સિવિલ હોસ્પિટલમાં ચાલતા ગોરખધંધા અંગે કામદાર યુનિયને અધિક જિલ્લા કલેકટર અને ઈન્ચાર્જ સિવિલ સુપ્રિટેન્ડન્ટને લેખિત રજૂઆત કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સિવિલ હોસ્પિટલ કૌભાંડ અને ભ્રષ્ટાચારનો અખાડો બની ગઈ હોય તેવી સ્થિતિ વચ્ચે રાજકોટ કામદાર યુનિયને બુધવારે રાજકોટ અધિક જિલ્લા કલેક્ટર અને ઇન્ચાર્જ સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટને આવેદનપત્ર પાઠવી તપાસ કરવા માંગ ઉઠાવી છે, સાથે જ જો તપાસ કરવામાં નહીં આવે તો કામદાર યુનિયન દ્વારા જલદ આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.





રાજકોટ કામદાર યુનિયન પ્રમુખ પારસ બેડીયા, મોહનભાઈ રાખસીયા સહીતના આગેવાનોએ રાજકોટ અધિક જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરતા જણાવ્યું હતું કે, રાજકોટ સિવિલ હોસ્પિટલ કૌભાંડનો અખાડો બની ગઈ છે. તબીબી અધિક્ષકના પુત્રી ડો. રાધાબેન ત્રિવેદી જેઓ એમ.બી.બી.એસ. બાદ એક વર્ષના બોન્ડેડ ફરજિયાત છે. પરંતુ સિવિલ સર્જનની પુત્રી હોવાથી ત્રણ માસથી ગેરહાજર હોવા છતાં ઓનલાઈન હાજરી પુરાઈ રહી છે, સાથે જ હાડકા પ્લેટમાં હોલ કરવા માટે સરકારે ફાળવેલ ૨૨ લાખનું મશીન ગુમ થયેલ છે.

આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં પકડાયેલ દારૂ અને અસામાજિક તત્વે ધ્વારા દર્દીઓના સગાઓની સાથે કરવામાં આવતું અપમાન, સિવિલ હોસ્પિટલમાં ચાલતા દવાઓના કૌભાંડ, સિવિલ હોસ્પિટલમાં જનરલ વોર્ડમાં પંખાઓની સંખ્યા, બેડશીટ સમયસર ધોવાતી ન હોવાનું તેમજ સિવિલ હોસ્પિટલમાં સીકયુરીટી કોન્ટ્રાકટમાં માણસો ઓછા ને પગાર વધુ ચુકવવામાં આવતો હોવાનો રો લગાવી કોરોના કાળમાં સરકાર દ્વારા વર્ગ-૪ને આપવામાં આવેલ પ્રોત્સાહિત રકમ ન ચૂકવવા મુદ્દે તેમજ કોરોના કાળ દરમ્યાન સરકારી વેન્ટીલેર ખાનગી હોસ્પિટલને આપી કૌભાંડ આચરવામાં આવ્યાનો આક્ષેપ કરાયો હતો.

આ સાથે જ રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા કાયમી સફાઈ કામદારોના સીધી લીટીના વારસદારોને સ્વૈચ્છિક રાજીનામુ મંજુર કરવા માટે આપવામાં આવતા બોગસ મેડીકલ સર્ટીફીકેટમાં કલાસ-૧ અધિકારીઓની અને તબીબી અધિક્ષક અને બીજા ડોકટરોની ડુપ્લીકેટ સહી- સિક્કા ધ્વારા બોગસ મેડીકલ સર્ટીફીકેટ આપવામાં આવે છે. તેની તપાસ કરવા માંગ ઉઠાવી છે અન્યથા જલદ આંદોલન કરવા ચીમકી ઉચ્ચારવામા આવી હતી.

## તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત રૂરલ પોલીસે રૂા.૨૬.૫૦ લાખના ગુમ થયેલાં મોબાઈલ પરત કર્યા

### રાજકોટ ગ્રામ્ય પોલીસે ત્રણ માસમાં ગુજરાતના અલગ-અલગ જિલ્લા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઓડીશા, આંધ્રપ્રદેશ, વેસ્ટ બંગાળ, મહારાષ્ટ્ર, હરીયાણા તથા રાજસ્થાનમાંથી ટ્રેસ કરી મોબાઈલ મેળવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ ગ્રામ્ય પોલીસે ૨૬.૫૦ લાખની કિંમતના ગુમ થયેલ ૧૬૩ મોબાઈલ મૂળ માલિકને પરત અપાવ્યા છે. ત્રણ માસમાં ગુજરાતના અલગ-અલગ જિલ્લા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઓડીશા, આંધ્રપ્રદેશ, વેસ્ટ બંગાળ, મહારાષ્ટ્ર, હરિયાણા તથા રાજસ્થાનમાંથી મોબાઈલ ટ્રેસ કરી મેળવ્યા હતા. સત્તાવાર વિગત મુજબ, જિલ્લા એસપી અને નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડની સૂચના મુજબ ડી.વાય.એસ.પી. એસ.એસ. રઘુવંશીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એચ.એચ.વાજા તથા કોમ્પ્યુટર શાખાના પોલીસ સ્ટાફ સાથે મળી જિલ્લામાં ગુમ અથવા ચોરી થયેલ મોબાઈલ ફોન શોધવા અંગે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજકોટ ગ્રામ્ય ઉપરાંત ગુજરાત રાજ્યના અલગ-અલગ જિલ્લામાંથી




તેમજ અન્ય રાજયો મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઓડીશા, આંધ્રપ્રદેશ, વેસ્ટ બંગાળ, મહારાષ્ટ્ર, હરીયાણા તથા મહાનિરીક્ષકની કચેરી રાજકોટ ગ્રામ્ય રાજસ્થાનમાંથી પણ મોબાઇલ ફોન ટ્રેસ કરી ચાલુ વર્ષમાં છેલ્લા ત્રણ માસ દરમિયાન કુલ ૧૬૩ મોબાઈલ ફોન જેની અંદાજીત કિંમત રૂ.૨૬,૫૦,૬૫૬ છે. તે શોધી એસપી તથા ડી.વાય.એસ.પી. એસ.એસ. રઘુવંશી હસ્તે અરજદારને પરત કરવામાં આવેલ હતા. આ ઉપરાંત કોમ્પ્યુટર શાખાના પોલીસ સ્ટાફ દ્વારા વર્ષ ૨૦૨૧માં રૂ.૬૦.૨૮ લાખની કિંમતના ૪૩૯ મોબાઈલ, વર્ષ ૨૦૨૨માં રૂ.૪૯.૧૫ લાખની કિંમતના ૩૪૨ મોબાઈલ અને વર્ષ ૨૦૨૩માં ૧.૨૫ કરોડના ૮૩૩ મોબાઈલ ફોન શોધી મૂળ માલિકને પરત કરવામાં આવ્યા હતા. આ કામગીરી પીએસઆઈ એચ.એચ.વાજાની રાહબરી હેઠળ એએસઆઈ ચંદ્રેશભાઈ ખોખર, કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા(એલસીબી), પ્રવિણભાઈ ટીંબલ, મયુરભાઈ ઝાપડીયા, શારદાબેન ચંદ્રપાલ દ્વારા કરવામાં આવેલ. આ સાથે કોઈપણ નાગરીકે બીલ વગરના મોબાઈલ ન લેવા તેમજ બિનવારસી મોબાઈલ મળી આવે ત્યારે નજીકના પોલીસ મથકમાં જમાં કરાવી સારા નાગરીક તરીકે ની ફરજ નિભાવવા જાહેર જનતાને અપીલ કરાઈ છે.

## કચ્છના કાનમેર જોધપરવાંઢ ગામે યુવાનની ગોળી મારી હત્યા

### રણ વિસ્તારમાં મીઠાના કારખાનાની જમીન બાબતે બળદેવ ગેલા સહિત ૧૬ શખ્સોએ ફાયરીંગ કરતા ઘવાયેલા યુવાનનું રાજકોટ સિવિલમાં સારવાર દરમિયાન મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

કચ્છના રાપર તાલુકાના કાનમેર જોધપરવાંઢ ગામના યુવાન સાથે મીઠાના કારખાનાની જમીન બાબતે ઝગડો થતા બળદેવ ગેલા સહિત ૧૬ શખ્સોએ ઝગડો કરી બંદુકમાંથી ફાયરીંગ કરી યુવાનને ગંભીર ઈજા કરી નાસી જતા યુવાનનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોત નિપજતા અરેરાટી પ્રસરી જવા પામી છે. બનાવના પગલે સામખીયાળી



પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.



આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ કચ્છ રાપરના કાનમેર જોધપરવાંઢ ગામે રહેતો દિનેશભાઈ ખીમજીભાઈ પરમાર નામનો કોળી યુવાન ગઈકાલે સાંજે ૫ વાગ્યે ઘુડખર અભ્યારણ જોધપરવાંઢ રણ વિસ્તારમાં હતો ત્યારે મીઠાના કારખાના વાળી જમીન મામલે બળદેવ ગેલા સાથે ઝગડો થતા બળદેવ ગેલા સહિત ૧૬ શખ્સોએ યુવાન પર હૂમલો કરી બંદૂક થી ભડાકા કરી ફાયરીંગ કરતા દિનેશભાઈ પરમારને માથામાં ગોળી વાગી જતા સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેનું સારવાર મળે તે પહેલા જ મોત નિપજ્યું હતું. બનાવની જાણ સામખીયાળી પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. વધુમાં જાણવા મળ્યું હતું કે હત્યાનો ભોગ બનનાર દિનેશભાઈ બેભાઈમાં મોટો હોવાનું અને તેને સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.

## આજી-૨ ડેમના હેઠવાસના ગામોના લોકોને સાવચેત રહેવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાનો આજી-૨ ડેમ હાલ તેની સંપૂર્ણ સપાટી ૭૩.૭૬ મીટર એ ભરાઈ ગયેલ છે તથા આગામી દિવસોમાં વરસાદ અને વાવાઝોડાની આગાહી સંદર્ભે કોઈ પણ સમયે ડેમના દરવાજા ખોલવામાં આવી શકે એમ છે, આથી ડેમની હેઠવાસમાં આવેલા ગામોના ખેડૂતોએ તથા અન્ય નાગરિકોએ નદીના પટના વિસ્તારમાં અવરજવર ન કરવા નાયબ કાર્યપાલક ઇજનેર, સિંચાઈ પેટા વિભાગ નં-૧, રાજકોટની યાદીમાં જણાવવામાં આવે છે.

## એ.આર.ઓ. રાજેશ્રી વાંગવાણીએ મતગણતરી કેન્દ્ર ખાતે સ્ટ્રોંગરૂમ અને સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૦- રાજકોટ લોકસભા સંસદીય બેઠક માટે કણકોટ સરકારી ઇજનેર કોલેજ ખાતે આગામી તા. ૪ જૂનના રોજ મતગણતરી કરવામાં આવનાર છે. મતદાન પૂર્ણ થયા બાદ તમામ ઇ.વી.એમ. અને વી.વી.પેટને કાલાવડ રોડ, કણકોટ સરકારી ઇજનેર કોલેજ ખાતે લશ્કરી દળોના જવાનોના ચુસ્ત બંદોબસ્ત હેઠળ સુરક્ષિત રાખવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ઇ.વી.એમ. અને વી.વી.પેટ માટે ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થામાં મતગણતરી કેન્દ્રનું મુખ્ય પ્રવેશદ્વાર, બિલ્ડીંગ તેમજ કેન્દ્રના તમામ રૂમ પર સુરક્ષા દળના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. ત્યારે એ.આર.ઓ. રાજેશ્રી વાંગવાણીએ સ્ટ્રોંગરૂમ, સીલીંગરૂમ તથા કંટ્રોલરૂમની સમગ્ર સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.હવામાન વિભાગ દ્રારા કરવામાં આવેલી હિટવેવની આગાહીને ધ્યાને રાખીને કણકોટ સરકારી ઇજનેર કોલેજ ખાતે સુરક્ષા માટે સતત ખડેપગે રહેતા જવાનો તથા સ્ટાફની તબિયતની પણ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કાળજી રાખવામાં આવી રહી છે. તે માટે મેડીકલ, ફાયર બ્રીગેડના જવાનો સહીતનો સ્ટાફ ૨૪x૭ ફરજ નિભાવી રહ્યો છે. કંટ્રોલરૂમની સુરક્ષા માટે 24x7 કલાસ વન અધિકારીઓને ફરજ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

## રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાંથી સાત દિવસમાં વાહનો છોડાવી લેવા સૂચના - અન્યથા જાહેર હરરાજી કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસની વેબસાઈટ cprajkot.gujarat.gov.in માં મુકેલા લિસ્ટ મુજબના વાહનો ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં સ્ટેશન ડાયરી નોંધ નં-૧૨/૨૦૨૪, તા.૨૩-૦૪-૨૦૨૪ના જી.પી.એક્ટ કલમ ૮૨ (ક) મુજબ કબજે કરવામાં આવ્યા છે. આ વાહનમાલિકોની શોધખોળ છતાં મળી આવતા નથી. ઉપરાંત આ વાહનમાલિકોએ આજ દિવસ સુધી પોતાના વાહનો છોડાવવાની દરકાર પણ લીધી નથી તેમજ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો નથી.

આથી આ વાહનમાલિકોને જાહેર નોટિસથી જણાવવામાં આવે છે કે, તેઓએ પોતાનું વાહન કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને સાત દિવસમાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાંથી છોડાવી લેવાનું રહેશે, અન્યથા આ વાહનોની જાહેર હરરાજી કરીને વેચાણ કરીને તેના નાણાં સરકારશ્રીમાં જમા કરવામાં આવશે. ત્યાર બાદ વાહન માલિકોનો આ વાહનો પર કોઈ હક્ક રહેશે નહીં, જેની નોંધ લેવા તથા આ અંગેની વધુ વધુ વિગતો માટે મો.નંબર - ૬૩૫૯૬ ૨૯૮૭૨ તેમજ ફોન નંબર - ૦૨૮૧ ૨૩૯૧૦૫૮ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# વિરપુરમાં જય જલારામ માર્કેટીંગના સંચાલકોએ રોકાણકારોના કરોડો ડુબાડ્યા

## બચત મંડળીના નામે ૧૬૦૦થી વધુ લોકો પાસે લાખોની રકમ મેળવી ઓફિસને તાળા લગાવી ફરાર થઈ ગયાઃજિલ્લા પોલીસ અધિક્ષકને રજૂઆત કરાઈ




**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિરપુર ગામે જય જલારામ માર્કેટિંગ નામે ઓફિસ ખોલી બચત મંડળીના નામે ૧૬૦૦ થી વધુ લોકો પાસે લાખોની રકમનું ઉઘરાણું કરી રાતોરાત ઓફિસને તાળા મારી સંચાલકો ભૂગર્ભમાં ઉતરી જતા જિલ્લા પોલીસ અધિક્ષકને લેખીતમાં રજૂઆત કરવામાં આવી છે.

વિરપુરમાં આવેલા ભૂલેશ્વર વિસ્તારમાં રેલવે સ્ટેશનની બાજુમાં રહેતા કાજલબેન જયસુખભાઈ સરવૈયા નામની મહિલાએ રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડને લેખીતમાં આવેદન પત્ર પાઠવી ફરિયાદ કરી છે કે, વિરપુરમાં આવેલ જય જલારામ મોર્કેટિંગના નામે જલારામ મેઈન રોડ પર ખાંટ સમાજની વાડી પાસે દુકાન નં.૯માં ઓફિસ ખોલી અનિલ માટીયા, લાલો મેવાડા, ભુપત બામવા, અને જય જલારામ માર્કેટિંગના નામે સંચાલન કરતા શખ્સો વિરુધ્ધ લેખીતમાં રજૂઆત કરી છે કે, આ શખ્સોએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી કાજલબેન સરવૈયા અને વિરપુર તાલુકાના આસપાસના ગામોમાં વસતા ૧૬૦૦ થી વધુ લોકોને મિત્રમંડળ અને બચતમંડળના નામે છેલ્લા ઘણા સમયથી લાખો રૂપિયાના ઉઘરાણા કરી રોકાણકારોને ઉંચુ વળતર આપવાની લાલચ આપી આ બચત યોજનામાં ભરેલા હપ્તાની લોકોને પાસબુક આપી નાણા ઉઘરાવતા હોય અને ગત દિવાળી પહેલા આ બચતની સ્કીમ પૂરી થઈ ગઈ હોય અને લોકોને તેની રકમ સ્કીમ મુજબ ઉંચા વળતર સાથે પરત આપવાની હોય પરંતુ લોકોને પૈસા પરત આપવાના બદલે જય જલારામ માર્કેટિંગના સંચાલકનોએ ઓફિસને તાળા લગાવી દઈ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. આજદીન સુધી રોકાણકારોની રકમ પરત નહીં મળતા ના છૂટકે તેઓને પોલીસમાં ન્યાયની માંગણી સાથે ફરિયાદ કરવાની જરૂરિયાત ઉભી થઈ હતી. જેના પગલે કાજલબેન સરવૈયાએ રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિતમાં ફરિયાદ કરી વહેલી તકે આ બચત સ્કીમ ચલાવનાર જય જલારામ માર્કેટિંગના સંચાલકોની ધરપકડ કરી બચતકારોને તેની મરણમૂડી પરત અપાવી ન્યાય અપાવવાની માંગણી કરી છે.

# સહારા ઈન્ડિયામાં રોકાણ કરનાર અનેક લોકો ફસાયાઃ પોલીસ કમિશનરને રજૂઆત



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટ શહેરમાં રહેતા અનેક લોકોએ છેલ્લા ૧૨ વર્ષથી સહારા ઈન્ડિયા પરિવારમાં રોકાણ કરી રૂ.૧૦ હજારના હપ્તા પાક્તી મુદતે ૪૫ દિવસના ખાતમાં જમા થવા જોઈએ જે રકમ છેલ્લા ૯ મહિનાથી ખાતામાં જમાં નહિં થતા રોકાણકારો સાથે છેતરપિંડી થઈ હોય જેથી તેઓને ભણક પડી હતી કે કંપની તરફથી એજન્ટ અને જમા કરતા હોવાની સાથે બહુ મોટી છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવતા તેઓએ કંપનીના સેક્રેટરી મેનેજર અને રીઝયોનલ મેનેજરને રજૂઆતો કરવા જતા તેઓએ ઝગડા કરી હાથ ંચા કરી લેતા નોંધારા બનેલા રોકાણકારોએ આજે પોલીસ કમિશનર કચેરી ખાતે દોડી આવી લેખીતમાં રજૂઆત કરી ન્યાયની માંગણી કરી હતી.**

# એસ્ટ્રોન ચોકના બગીચા પાસે વોંકળાની ગ્રીલ સાથે ચૂંદડી બાંધી યુવતીનો ગળા ફાંસો ખાઈ આપઘાત

## જુનાગઢના કેરેલા ગામની ૨૮ વર્ષીય યુવતી ન્યુ જાગનાથ પ્લોટમાં પીજી તરીકે રહેતી હતીઃપોલીસે કારણ જાણવા તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના એસ્ટ્રોન ચોક પાસે આવેલા બગીચામાં વહેલી સવારે વોકળાની ગ્રીલ સાથે ચૂંદડી બાંધી અજાણીય યુવતીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે. બનાવ અંગેની જાણ એ-ડીવીઝન પોલીસમાં કરવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ આજે વહેલી સવારે એસ્ટ્રોન ચોકમાં આવેલ બગીચા પાસે મહાનગરપાલિકાની વોર્ડ નં.૭ની ઓફિસ પાસે આવેલ વોકળાની ગ્રીલમાં ચૂંદડી બાંધી કોઈ અજાણી યુવતીએ આપઘાત કરી લીધો હવાની



(તસ્વીરઃ આનંદ જાવિયા)



જાણ ૧૦૮ના ઈએમટીએ પોલીસમાં કરતા એ-ડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ લાભુભાઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ કરતા સ્થળ પર થી એક મોબાઈલ તથા આધાર કાર્ડ મળી આવ્યું હતું. પોલીસે વધુ તપાસ કરતા આપઘાત કરી લેનાર યુવતી જુનાગઢના કેરેલા ગામની વતની નીતાબેન કાળુભાઈ સોલંકી (ઉ.વ.૨૮)હોવાનું અને ન્યુ જાગનાથ પ્લોટ શેરી નં.૨૫માં પીજી તરીકે રહેતી હોવાનું જાણવા મળ્યું હતુ પોલીસે યુવતીના મોત અંગેના પ્રાથમિક કાગળો તૈયાર કરી લાશને પીએમ અર્થે સરકારી હોસ્પિટલે ખસેડી યુવતીના પરિવારજનોને બનાવ અંગે જાણ કરી હતી.

# તબીબે લેન્ડ ગ્રેબિંગના ગુનામાં કરેલી ફરિયાદ બાદ ધરપકડની બીકે મહિલાએ કર્યો આપઘાતનો પ્રયાસ

## ધરપકડ સામેનો સ્ટે હાઈકોર્ટે ઉઠાવી લેતા પોલીસ પકડવા પહોંચી, મહિલાએ પેરાસિટામોલની વધુ પડતી ગોળીઓ ખાઈ લેતા સારવારમાં ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ઢેબર રોડ ખાતે ભક્તિનગર સોસાયટીમાં મધુકુંજ નામના મકાનમાં રહેતા કોંગી આગેવાન ડો. હેમાંગ વસાવડા ગઈ માર્ચ ૨૦૨૨માં દીપાલીબેન નિલેશભાઈ જોશી નામના મતિયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.આ બનાવમાં સામેલ આરોપી દિપાલીબેન ધરપકડ સાથે નાઈકોર્ટમાંથી કસ્ટે લઈ આવ્યા હતા પોલીસનો સ્ટાર તેમને પકડવા જતા પેરાસીટેમોલની પધુ પડતી ગોળીઓ પી જતા તેમને સાર સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.



અગાઉ માર્ચ ૨૦૨૨માં ડો.વસાવડાની ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, મોટા મોવા ગામ ખાતે સર્વે નંબર ૧૦૮ના પ્લોટ નંબર ૨થી ૫ તથા ૧૦થી ૧૪ પર બાંધવામાં આવેલા રૂચિ એપાર્ટમેન્ટમાં ડોક્ટર તેમાંગના ૨ ફ્લેટ છે. ત્રીજા માળે આવેલા ૩૦૧ અને ૩૦૨ નંબરના બંને ફ્લેટની કુલ કિંમત આશરે ૩૨ લાખ રૂપિયા જેટથી હતી.દીપાલીબેન જોશીએ આ ફસ્ટેટ્સમાં ગેરફાયદેસર રીતે પ્રવેશ મેળવીને સ્ટેણાંક કરીને રે તેને પચાવી પતિ નિલેશ જોશી કે જે બોન્ડ રાઈટર હતા અને તેઓએ આ જોટમાં આપવાત કરી લીધો હતો. તેણે બંને ફ્લેટ ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરતા તેને ફ્લેટ બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેણે પત્ની વગરને લેટ બતાવવા માટે ચાવી માગી જે અપાયા બાદ તેમાં તેણે રહેવાનું શરૂ કરી દીધું હતું. આ પછી તેમણે ફ્લેટની ચાવી મેવવવા માટે ઘણા પ્રયાસો કર્યા હતા પરંતુ તે એકાદ વખત નિવેશ જોશીએ પોતે શોટ લઈ જેલે તેમ કતી સાટાખત કરી દેવાની પાત પણ કરી હતી. પરંતુ પછી ચેક આપ્યો ન હતો.આ દરમિયાન તેણે આપવાત કરી લીધો હતો. આ પછી ફ્લેટનો તેની પત્ની દિપાલીબેને કબજો છોડયો ન હતો. પરંતુ ન્યાય નહીં મળતા આખરે ૨૦૨૧ના સપ્ટેમ્બર માસમાં કલેક્ટર ઓફિયામાં લેન્ડ ગ્રેનિંગ હેઠળ બરજી કરી હતી. બાદમાં તાલુકા પોલીસે દિપાલીબેન સામે ગુનો દાખલ કર્યો હતો.આ મામલે ગઈકાલે તાલુકા પોલીસ મથાનો રાર ઉપાલીબેન જોશીને નિવેદન માટે જેવા ગયા ત્યારે દીપાવીખેને કોર્ટ કાર્યપાતીથી બચવા માટે વધુ પડતી પેરાસીટેમોલની ગોળીઓ પી લેતા તેઓની તબિયત લથડી હતી અને તેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. હાલ બે મહિલા પોલીસને પણ ત્વાં મંદોબસ્ત પર રાખવામાં આવી હતી. આ મામલે થીમાઈ હરિપરાએ જણાયું હતું કે તેઓ વિરુદ્ધ નોંધાયેલી વેન્ડ ગ્રેપિંગની ફરિયાદમાં નિવેદન લેવા માટે મરિલાને લેવા રયા ત્યારે આ ઘટના બની હતી. દિપાલીબેનના માસી મિતલબેન કારેલીયાએ આક્ષેપ સાથે જણાયું હતું કે, આ ફ્લેટ મામલે થયેલી લેન્ડ સેબિંગની ફરિયાદ બાદ દીપાલીબેને એડયોકેટ મારફત તાઈકોર્ટમાંથી ધરપકડ સામે ખાવ્યા હતા અને બાદમાં આ એ ઊડી જતા પોલીસ ધરપકડ કરવા દિપાલીબેનની ધરપકડ કરવા આપી હતી અને તેઓએ આ પગલું ભરી લીધું હતું.

# વિંછીયાના સોમલપર ગામે પારકા ઝઘડામાં વચ્ચે પડેલાં વાલ્વમેનની હત્યા

## ભડલી ગામના રાજેશ બારૈયા સહિત ૧૦ શખ્સોએ હત્યાને અંજામ આપ્યોઃ પ્રેમ પ્રકરણમાં યુવાનની હત્યાની આશંકા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના વીંછિયા ગામે પારકા ઝઘડામાં વચ્ચે પડેલાં યુવાનની હત્યા કરી નખાતાં સનસનાટી મચી જવા પામી છે. બે પરિવારના યુવકો મારામારી કરી રહ્યા હોય તેમાં વચ્ચે પડેલાં ૪૦ વર્ષીય યુવકને છરીઓના પાથી રહેંસી નખાતાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ વીંછિયા તાલુકાના સોમલપર ગામે સંપમાં વાલ્વમેનનું કામ કરતાં વલ્લભ તળશીભાઈ ડાભી (ઉ.વ.૪૦)ની સંપમાં જ ઢીમ ઢાળી દેવાયું હતું. આ હત્યા પાછળનું ચોક્કસ કારણ પોલીસ દ્વારા જાહેર કરાયું નથી પરંતુ પ્રારંભીક તપાસમાં ખુલ્યા પ્રમાણે બે પરિવારના છોકરાઓ વચ્ચે પ્રેમસંબંધને



લઈને મારામારી થઈ રહી હોય તેમાં વઠાભ વચ્ચે પડયો હતો જેના કારણે તેના પર છરીથી દસેક શખ્સો તૂટી પડયા હતા. વાભને પેટના ભાગે છરીના ઘા વાગી જતાં સારવાર માટે આટકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. વધુમાં એવું પણ જાણવા મળ્યું છે કે પ્રેમસંબંધને લઈને રાજેશ બારૈયા તેમજ અન્ય એક પરિવાર વચ્ચે ફોન ઉપર માથાકૂટ થયા બાદ તમામ સોમલપર ગામના સંપ પાસે એકઠા થયા હતા જ્યાં વાત વણસી જતાં મારામારી સુધી પહોંચી હતી. આ ઝઘડામાં વદાભ વચ્ચે પડતાં રાજેશ બારૈયા તેમજુ તેની સાથે રહેલા નવેસ શખ્સોએ વાભને ઉપરાછાપરી છરીના ઘા ઝીંકી દેતાં તેને ગંભીર હાલતમાં હોસ્પિટલે ખસેડાયો હતો. હત્યાનો ચકચારી બનાવ બનતાં જ જસદણ પોલીસે આરોપીઓને પકડી લઈ હત્યાની સાચું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

# કારખાનેદારને સોફટવેર કંપનીમાં રોકાણ કરાવી ઉંચુ વળતર આપવાની લાલચ આપી શખ્સે કરી રૂા.૫૦ લાખની ઠગાઈ

## યુફોન પ્રા.લી. કંપનીના સંચાલકે નફો અને અડધો હિસ્સો આપવાની લાલચ આપી ત્રણ વર્ષ સુધી રોકાણ કરાવી હાથ ઉંચી કરી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આજી જી.આઈ.ડી.સી. નજીકમાં આવેલ સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં ગંજાનંદ એન્ટરપ્રાઈઝના નામે એલ્યુમીનીયમની ભઠ્ઠી ધરાવતા કારખાનેદાર સાથે સોફ્ટવેર કંપનીમાં રોકાણ કરી કરોડો રૂપિયા કમાવવાની લાલચ આપી રૂ.૫૦ લાખની છેતરપીંડી કરવામાં આવતા સોફ્ટવેર કંપનીના સંચાલક સામે તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ નાનામવા મેઈન રોડ ન્યુ ગાંધી સોસાયટી શેરી નં.૧૦ માં રહેતાં દીલીપભાઈ રસીકભાઈ લુણાગરીયા (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નાના મવા મેઈન રોડ ઉપર આવેલ આસોપાલવ એપાર્ટમેન્ટમાં રહેતા જય ઉર્ફે જયસુખ હરી સાકરીયાનું નામ આપ્યું છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ એલ્યુમીનીયમની ભઠ્ઠી ચલાવતા દિલીપભાઈને દશેક વર્ષ પહેલા તેના મોટા ભાઈ માર્કેટીંગનુ અગાઉ કામકાજ કરતા કેયુર રસીકભાઈ લુણાગરીયા મારફતે પરિચયમાં આવ્યો હતો. જયભાઈ ઉર્ફે જયસુખ સાકરીયાને તેની પત્નિ નીરૂબેન જયસુખ સાકરીયાના નામે ક્યુફોન પ્રા.લી કંપની ચલાવતો હોય તેની ઓફીસ નિકોલ અમદાવાદમાં છે. આ કંપનીના નીરૂબેન સાકરીયા, ઉમંગ કોટડીયા, સ્મીતાબેન રમેશભાઈ ફીડોલીયા ભાગીદારો છે. ત્રણેક વર્ષ પહેલા જયસુખની નાનામવા ઓફીસે મુલાકાત થઈ ત્યારે તેણે કયુફોન પ્રા.લી. નામની સોફ્ટવેર કંપની જે ગેમીંગ એપ્લીકેશન બનાવે છે અને તે એપ્લીકેશન ગુગલમાં પ્રમોટ કરવામાં આવે છે. અને તેની કંપનીમાં રોકાણ કરવાની વાત કરી રોકાણ ઉપર જે નફો થશે તે નફામાં ૫૦ ટકા હિસ્સો આપવાની વાત કરી અને રૂપીયાની જરૂરીયાત ઊભી થાય ત્યારે બે માસ અગાઉ જાણ કરવાથી રોકાણના રૂપીયા પરત આપી દઇશ તેવી મૌખીક વાતચીત કરી હતી. જય પર વિશ્વાસ અને ભરોસો રાખી લેખીત કરાર વિના તેની કંપનીમાં ૫૦ લાખનું રોકાણ કર્યું હતું. જેમાં દિલીપભાઈએ બજાજ ફાયાનાન્સ કંપનીમાંથી બિઝનેસ રૂ.૧૧ લાખની લોન લઈ જયના ભાગીદાર ઉમંગ કોટડીયાના બેંક એકાઉન્ટમાં જમાં કરાવેલ હતાં. બાદમાં દોઢેક વર્ષ સુધી નકામાંથી કુલ રૂ.૩.૫૦ લાખ ભાગ આપેલો હતો. ત્યારબાદ જયસુખ સાકરીયાએ વધારે રોકાણ કરવા જાણ લાખ બેંક દિલીપભાઈને ફેબ્રુઆરી/ ૨૦૨૪ માં રૂપિયાની જરૂરિયાત ઉભી થતા રોકાણ કરેલ રૂપિયા પરત આપવાની વાત કરી હતી ત્યારે જયસુખે રૂપિયા પરત આપવામાં ગલ્લા તલ્લા કર્યા હતા અને છેલ્લે જયસુખને રૂબરૂ મળ્યા ત્યારે દિલીપભાઈને તમે હવે મારી પાસે રૂપીયા માંગતા નહીં હવે તારા પૈસા ભુલી જાજે અને મને ફોન કરતો નહી તો હવે મજા નહી આવે તેવી ધમકી આપી હતી. દિલીપભાઈએ અંતે તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવતા પી.આઈ હરીપરાના હેઠળ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જમ્મુ-કાશ્મીર બોર્ડર પર આર્મીમાં ફરજ બજાવતા રાજુલા પંથકના જવાન શહીદ

## રાજુલાના ધારાનો નેસ ગામના પરિવારમાં કરૂણ કલ્પાંતઃ ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજુલા**

રાજુલા તાલુકાના ધારાનોનેસ ગામનો યુવાન જમ્મુ કાશ્મીરમાં શહીદ થતાં તેમના મૃતદેહને રાજુલા લાવવામાં આવી છે. રાજુલા નજીક આવેલા ધારાનું નેસના વતની રવિરાજભાઈ ભવનુભાઈ ધાખડા જમ્મુ કાશ્મીરમાં આર્મીમાં ફરજ બજાવતા હતા તેની ઉંમર ૨૮ વર્ષ છે તેમજ આઠ વર્ષથી આર્મીમાં ફરજ બજાવી રહ્યા હતા તેઓ પિતાના આધારસ્તંભ એકના એક પુત્ર અને ચાર બહેનોના એકના એક ભાઈ



હતા તેના લગ્ન ચાલુ વર્ષે જ થવાના હતા પણ ત્યાં તબિયત ખરાબ થવાના કારણે ફેબ્રુઆરીમાં લશ્કરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે સારવાર ચાલુ હોવાથી લગ્ન મોકૂફ રાખવામાં આવ્યા હતા પરંતુ વધારે તબિયત બગડતા દિલ્હી ખાતે બે દિવસ પહેલા અવસાન થયું છે. તેમના પાર્થિવ દેહને રાજુલા લાવવામાં આવી રહ્યો છે તેમની સાથે ૩૦ આર્મી જવાનો જામનગરથી સ્પેશિયલ વાહનમાં રાજુલા પુંજાબાપુ ગૌશાળાએ આવી એમની સ્મશાન યાત્રા રાજુલાથી ધારાનો નેસ ગામે લઈ જવામાં આવી હતી ત્યાં અગ્નિસંસ્કાર આપવામાં આવશે તેમજ લશ્કરના જવાનો દ્વારા સલામી આપવામાં આવશે શહિદીના સમાચાર નાના એવા ગામમાં પ્રસરી જતા ભારે શોકનું મોજુ ફેલાઈ ગયું છે ચારેય બહેનો સહીતના પરીવારજનોમાં કાળો કલ્પાંત સર્જાયો છે પિતા માત્ર ચાર વીઘા જમીન ધરાવે છે ખડતલ શરીર હોવાથી લશ્કરમાં ભરતી થયા હતા સંબંધીઓએ જણાવ્યુ છે કે તેના પિતા પણ એક જ ભાઈ છે આમ અચાનક પૂત્રનુ અવસાન થવાથી ભારે ગમગીની છવાઈ ગઈ છે ગામ લોકો અને રાજુલા શહેરના લોકો સ્મશાન યાત્રામાં જોડાયા હતા.

# રાજકોટના હનુમાનમઢી ચોક પાસે વાયરના ગોડાઉનમાંથી રૂ.૩.૧૯ લાખના માલની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના નિર્મળા રોડ પર નિલમ સોસાયટીમાં રહેતા અને હનુમાનમઢી ચોક પાસે તિરૂપતીનગર મેઈન રોડ પર જુની પોસ્ટ ઓફિસની બાજુમાં ઈલેક્ટ્રિક વાયરનું ગોડાઉન અને ઓફિસ ધરાવતા વિવેકભાઈ મણિલાલ બેઠરીયા નામના પ્રજાપતિ વેપારીએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, ગઈ તા.૧૪/૫ થી ૧૫/૫ના સમયગાળા દરમિયાન બંધ રહેલ ઓફિસ અને ગોડાઉનમાં કોઈ અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી ઈલેક્ટ્રિક વાયર અલગ-અલગ બંડલ જેની કિંમત રૂ.૩.૧૯ લાખ થતી હોય જે ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી.ટી.અકબરી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ ડોગ સ્કોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતોની મદદ લઈ તસ્કરોનું પગેરૂ મેળવવા ક્વાયત હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢના નામચીન બુટલેગરે બોગસ ડોકયુમેન્ટના આધારે પાસપોર્ટ કઢાવ્યો

## પોલીસે કબ્જે કરેલા પાસપોર્ટનું વેરીફીકેશન થતા ભાંડો ફુટયોઃ પાસપોર્ટ અધિનિયમ અન્વયે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂનાગઢના ભાજપના નગરસેવિકાના પતિ ધીરેન અમૃતલાલ કારીયાએ બોગસ ડોકયુમેન્ટ ઉભા કરીને મહારાષ્ટ્ર મુંબઈ ખાતેથી મુખ્ય દસ્તાવેજ કચેરીમાંથી અન્ય વ્યક્તિના નામે પાસપોર્ટ કઢાવ્યો હોવાનું સામે આવતા જૂનાગઢ પોલીસે તેની સામે પાસપોર્ટ અધિનિયમ અન્વયે ગુન્હો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

લિસ્ટેડ બુટલેગર ધીરેન કારીયાને અમરેલી પોલીસે ગત તા.૨૨ ફેબ્રુઆરીના રોજ ઉજ્જૈન ખાતેથી ઝડપી લીધા બાદ જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે ધીરેનનો તા.૧૬ માર્ચે કબજો લીધો હતો. અગાઉ ૨૦૧૭ માં ૨૭.૨૭ લાખના દારૂના કેસમાં તેના રિમાન્ડ મેળવી તપાસ કરવામાં આવી હતી, હાલ ધીરેન જેલહવાલે છે, ત્યારે તેની પાસેથી કબ્જે લેવાયેલ જતીન રમેશ સોનીના નામનો એક પાસપોર્ટ બોગસ દસ્તાવેજના આધારે બનાવેલ હોવાનું સામે આવ્યું છે. આ અંગે એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ ઉમર શાહરૂખ ઇકબાલ હુશેન સીદીએ ફરીયાદી બનીને ધીરેન સામે પાસપોર્ટ અધિનિયમ અન્વયે ગુન્હો નોધાવ્યો છે, પોલીસે જણાવ્યું કે, ધીરેને જતીન સોનીના નામના બોગસ આધારકાર્ડ, બેંક પાસબુક સહિતના દસ્તાવેજ બોગસ બનાવીને તેનો પાસપોર્ટ કઢાવવામાં ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યું છે, હાલ આ જતીન રમેશ સોની કોણ છે, તે અંગે પણ તપાસ શરુ કરવામાં આવી છે, અને કેવી રીતે ક્યાં બોગસ ડોકયુમેન્ટ બનાવ્યા તે અંગે તપાસ કરાશે.